# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

* કેસ નં - પીજી ૦૩-૦૧૫-૨૦૧૭-૧૮
* નોંધણી તારીખઃ- ૧૯-૧૨-૨૦૧૭
* નિર્ણયની તારીખઃ- ૨૬-૧૨-૨૦૧૭

અરજદાર :- શ્રી રમેશ નાનજીભાઈ ગાલા
અરજદાર વતી રજુઆત કરનાર :- અરજદાર વતી તેમના અધિકૃત પ્રતિનિધિ હાજર છે.

## વિરુધ્ધ

સામાવાળા :- કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભચાઉ.
સામાવાળા વતી રજુઆત કરનાર :- શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેર, ભચાઉ વિભાગીય કચેરી.

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે તા.૨૬/૧૨/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા. ૨૬-૧૨-૨૦૧૭ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં ફરિયાદીશ્રી રાજેશ નાનજીભાઈ ગાલા વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી વણવીર હરિભાઈ રાઠોડ, કીડીયા નગર હાજર છે અને તેમની એવી રજૂઆત છે કે; તેઓને તેમની માલિકીની ખેતીવાડીની જમીન સર્વે નં. ૫૭૪/૩, આશરે દસ એકરમાં વાવેતર કરીએ છીએ. પાકમાં જીરૂં, ઈસબગુલ. અને પરચૂરણ શાકભાજી કરીએ છીએ. અમોએ નવા ખેતીવાડી કનેક્શન ૨૦ એચ.પી. માટેની માંગણી કરતી અરજી તા.૧૨/૧૦/૨૦૧૨ના રોજ કરેલ. ત્યારબાદ કોટેશનની રકમ તા.૧૨/૧૧/૨૦૧૪ના રોજ પીજીવીસીએલની કચેરીએ ભરેલ છે. પીજીવીસીએલની એગ્રીમેન્ટ, ટેસ્ટ રીપોર્ટ વગેરેની કાર્યવાહી પણ કરેલ છે. પરંતુ અમોને વીજકનેક્શન આજ સુધી આપવામાં આવેલ નથી. અમારૂં કનેક્શન ચાલુ ન હોવા છતાં અમોને વીજ કનેક્શનના વપરાશના બીલો આપવામાં આવતા હતા. પરંતુ કનેક્શન ચાલુ ન હોવાથી અમોએ આ બીલો ભરેલ નથી. અમારી રજૂઆત પછી પીજીવીસીએલ ઓફિસે બીલ આપવાના બંધ કરેલ છે. અમારૂં કનેક્શન સત્વરે ચાલુ થાય તેવી અમારી રજૂઆત છે.

Scanned by CamScanner

